ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૧૧-૨૦૧૩, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

અણ્ણા આઉટ, મોદી ઈન

એકાદ વર્ષ અગાઉ દેશ આખો અણ્ણા હજારે નામના ગાંધીવાદી નેતા પાછળ ઘેલો હતો. જૂની પેઢીના એ લોકનેતા એમના ખોબા જેવડા ગામના મંદિરમાં રહે છે અને પ્રામાણિકતા પૂર્વક સાદગીપૂર્ણ જીવન જીવે છે. એમણે રાલેગણ સિદ્ધિ નામના એમના ગામમાં દારૂબંધીનો ચુસ્ત અમલ કરાવ્યો છે. જે ગ્રામ સ્વરાજ અને રામ રાજ્યની રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ કલ્પના કરેલી એને પોતાના ગામ પૂરતી સાકાર કરવા મથતા આ ગામડિયા લોકનેતા કોઈ ચૂંટણી લડ્યા નથી કે લડવા માગતા નથી. તેઓ જાણે છે કે ચૂંટણી કાળાં નાણાં અને દારૂ જેવાં અનિચ્છનીય સાધનો વડે લડાતી હોય ત્યાં સાચા અને સારા માણસ માટે ચૂંટાવું અશક્ય નહીં તો અઘરું તો જરૂર બની ગયું છે. લોકશાહીમાં પ્રવેશેલાં આ દૂષણોનો આપણા સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાપતિ મોહનદાસ કરમચંદ ગાંધીને પાકો અંદાજ હતો. એમણે છેક ૧૯૦૮માં લખેલા 'હિંદ સ્વરાજ' પુસ્તકમાં સંસદને વેશ્યા કહીને ભાંડી હતી અને જીવ્યા ત્યાં સુધી એમને પોતાનો અભિપ્રાય બદલવાની જરૂર નહોતી લાગી. મહાત્મા ગાંધી વિદેશી શાસનની ધૂંસરી ફગાવી દઈ દેશનો વહીવટ દેશની રીતે થાય, જૂની પંચાયત પરંપરા અને સ્વાવલંબી જીવન પદ્ધતિ અપનાવી હિંદુસ્તાનનું ગામડું સ્વરાજથી એક કદમ આગળ નીકળી 'ગ્રામ સ્વરાજ' મેળવે અને રાજકતાઓ બ્રિટિશ પદ્ધતિથી સાહેબશાહી કે નોકરશાહીવાળી ઓળખ ભૂંસી નાખી આદર્શ રામ રાજ્ય અવતારવા મથે- એવું ઈચ્છતા હતા. એમની આ સંકલ્પના ખુદ એમના જ અનુયાયીઓને કબૂલ નહોતી, એનો ખ્યાલ આવતાંની સાથે ગાંધીજી ઊંડી હતાશામાં સરી પડ્યા હતા. રચનાત્મક કાર્યોને બદલે પંડિત નહેરુને વિશ્વકક્ષાએ પહોંચી જવાની ઉતાવળ આવી ગઈ હતી. એમણે ગ્રામોદ્યોગોને નકાર્યો નહીં પરંતુ વિશેષ લક્ષ મોટા ઉદ્યોગો પર આપ્યું. આથી દેશ કદાચ દેખીતી રીતે ઝડપી વિકાસ સાધી શક્યો હશે પરંતુ જે ગામડાંને ગાંધીજી ગામડાં રહેવા દઈ સ્વ-શાસિત બનાવવા માગતા હતા તે ભાંગી ગયાં. એકડો જ અવળો ઘૂંટાયો અને ગાંધીવિચાર કેવળ શોભાની વસ્તુ બની ગઈ. તમામ વડાપ્રધાનો ગાંધી આશ્રમની મુલાકાત લે છે, ચરખો ફેરવવાનું નાટક કરે છે, ફોટા પડાવે છે અને પછી આશ્રમની વિઝિટ બુકમાં પ્રશસ્તિ વચનો લખી ચાલ્યા જાય છે. ગાંધીની સાથે ગાંધીનો ચરખો મરી ગયો છે, એ જ રીતે ગાંધીની સાથે દારૂબંધીનું પણ દફન થઈ ગયું છે. આવી સ્થિતિમાં આઝાદીના સાડા છ દાયકા પછી ગાંધીની દુહાઈ આપીને રાજકારણ કરવાનો પણ કોઈ જ અર્થ રહેતો નથી. પરંતુ અણ્ણા હજારે કે ચુનીલાલ વૈદ્ય (ચૂનીકાકા) અને નારાયણ દેસાઈ જેવા જૂની પેઢીના ગાંધીઘેલા મુઠ્ઠીભર સાચકલા લોકસેવકો હજી ગાંધીમાર્ગે જ દેશનું ભલું થઈ શકે એવી શ્રદ્ધા છોડી શક્યા નથી. અણ્ણા હજારે ગાંધી રીંધ્યા માર્ગે સત્યાગ્રહ અને ઉપવાસ કરી ભ્રષ્ટ રાજકારણીઓ સામે મોરચો માંડ્યો એમાં એમને આંશિક સફળતા પણ સાંપડી. મહારાષ્ટ્રના કેટલાક ભ્રષ્ટ નેતાઓ સામે એમનું સત્યાગ્રહનું શસ્ત્ર કારગત નીવડતાં એમણે એ જ શસ્ત્ર રાષ્ટ્રીય સ્તરે વાપરવાનું સાહસ પણ દાખવ્યું. જનલોકપાલ બિલ જેવા લોકોને ગળે ઊતરી જાય એવા મુદ્દે એમણે દેશની રાજધાનીમાં ડેરાતંબૂ તાણ્યા ત્યારે એમને કલ્પના બહારનું જનસમર્થન સાંપડ્યું. એમને સમર્થન આપી રાજકીય લાભ રળી લેવા મુખ્ય વિરોધપક્ષ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ તો એમના મંચ પર પણ પહોંચી ગયા. અણ્ણા છેતરાઈ ગયા. એમની છાપ હિંદુત્વના પુરસ્કર્તા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના ઈશારે કોંગ્રેસનો વિરોધ કરતા નેતા જેવી ઊપસવા લાગી. એમની સાથે જોડાયેલા કેજરીવાલ, કિરણ બેદી અને શશી ભૂષણ, પ્રશાંત ભૂષણ જેવા વિવિધ અગ્રણીઓમાં કાળક્રમે અનેક મુદ્દે વિખવાદ ઊભો થયો અને તેથી અણ્ણાનું લોક આંદોલન એના પોતાના જ ભારથી તૂટી પડ્યું. આજે પરિસ્થિતિ એ આવી ગઈ કે અણ્ણા એકલા પડી ગયા છે. લોકાયુક્ત મુદ્દે વર્ષોથી ઠાગાઠૈયા કરનારા નરેન્દ્ર મોદી કેન્દ્રમાં આવી ગયા છે.

સી.એમ. નર્સિંગ કોલેજ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા સંચાલિત સી.એમ.નર્સિંગ કોલેજના આચાર્યા રવિનાબેન ક્રિશ્ચિયને ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલ મેડીકલ કોલેજ દ્વારા સંચાલિત નર્સિંગના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને નર્સિંગ પ્રોફેશનલની સમજ આપી હતી. નર્સિંગના વ્યવસાયની તાલીમની અગત્યતા સમજાવી હતી.

સી.એમ.પટેલ નર્સિંગ કોલેજના ઉપાચાર્યા ફાલ્ગુનીબેન મોદીએ નર્સિંગ સેવાના વહીવટ અંગે વ્યાખ્યાન આપ્યું હતું. નર્સિંગનો ઈતિહાસ હોસ્પિટલમાં નર્સિંગ અલગ કેડર તેના કાર્યો, જરૂરિયાત સરળ રીતે સમજાવ્યા હતા. એમ.એસ.સી.ના વિદ્યાર્થીઓએ ચાંગા આણંદ ખાતે યોજાયેલ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. રાષ્ટ્રીય કક્ષાના કૉન્ફરન્સમાં ઉપાચાર્યા ફાલ્ગુની મોદી, પ્રા. આશાબેન પટેલ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના ૬૦ વિદ્યાર્થઈઓએ સુરતમાં યોજાયેલ નેશનલ લેવલની સ્ટુડન્ટ નર્સ એસોસિએશનની મીટીંગમાં ચાર પ્રોફેસરો સાથે ભાગ લીધો હતો. ન્યુ ડાઈમેન્શન ઈન નર્સિંગ વિષય પર યોજાયો હતો.

ઈન્ડિયન મેડીકલ એસોસિએશન દ્વારા કોલેજમાં સ્તન કેન્સર જાગૃતિના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ડૉ. અનાગા ઝઓયે સ્તન કેન્સરનાં લક્ષણો, સાવધાની, સ્તનના ચેક અપ વિશે માહિતી આપી હતી. સ્તન કેન્સરની જાગૃતિના અભાવે સ્ત્રી મૃત્યુદર વધ્યો છે. સ્તન કેન્સર માટે જાત નિરીક્ષણ મહિનામાં એક વખત ચેકઅપ કરવું જોઈએ. આભાર વિધિ કુ. પ્રજ્ઞાબેને કરી હતી. આચાર્યા રવિનાબેન ક્રિશ્ચયન અને ફાલ્ગુનીબેન મોદીએ માર્ગદર્શન આપ્યું હતું.

હરિની દૃષ્ટિ...

સાહેબ આ માણસ ઢોરની જેમ ફરતો હતો તો પકડી લાવ્યો... બરાબરને સાહેબ !!

ગાંધીનગર ખાતે મહિલા આઈ.ટી.આઈ.નો લોકાર્પણ કાર્યક્રમ

૫૦૧૭ ઉમેદવારોને રોજગાર પત્રો એનાયત કરાશે

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યની યુવા શક્તિને ખાનગી ક્ષેત્રે અને ખાસ કરીને ઉદ્યોગ ગૃહોમાં પ્રાપ્ય ખાલી જગ્યાઓ સામે રોજગારી મળી રહે તે માટે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ અંતરગત રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા યુવા શક્તિને રોજગારી પત્રો એનાયત કરવાનો તેમજ ઔદ્યોગિક તાલીમ સંસ્થા મહિલા ગાંધીનગરના નવનિર્મિત મકાનનો લોકાર્પણ સમારોહ યોજાશે.

વિવેકાનંદની ૧૫૦મી જયંતિ અંતર્ગત રાજ્યની રોજગાર કચેરીઓએ રાજ્યના દરેક યુવાધનને રોજગારી મળી રહે તેથી તાલીમી યુવાનોને એપ્રેન્ટીસ પત્રો એનાયત કરવામાં આવશે. તા. ૨૫મી નવેમ્બરના રોજ ટાઉનહોલ સે. ૧૭ ખાતે યોજાનાર કાર્યક્રમમાં મંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે એપ્રેન્ટીસ પત્રો એનાયત કરવામાં આવશે.

કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના ૨૯૮૨ અને મહેસાણાના ૨૦૩૫ ઉમેદવારોને રોજગાર એનાયત પત્રો આપવામાં આવશે. તેમજ કાર્યક્રમ બાદ નવનિર્મિત મહિલા આઈ.ટી.આઈ. સે. ૧૫ના મકાનનો લોકાર્પણ કાર્યક્રમ કરવામાં આવશે.

લોકાર્પણ કાર્યક્રમમાં મંત્રીશ્રીઓ નિતિનભાઈ પટેલ, સૌરભભાઈ પટેલ, રજનીકાનત્ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ઉત્તર ગાંધીનગર, શંભુજી ઠાકોર ધારાસભ્ય દક્ષિણ ગાંધીનગર, મેયર મહેન્દ્રસિંહ રાણા, ગુડાના ચેરમેન અશોકભાઈ ભાવસાર, તેમજ આઈ.ટી.આઈ. અને રોજગાર કચેરીના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

આજે દલિત સાહિત્ય વિમર્શ મંચની બેઠક

ગાંધીનગર, તા. ૨૩

દલિત સાહિત્ય વિમર્શ પંચના ઉપક્રમે દર મહિને યોજાતી સભામાં ડો. મોહનભાઈ પરમારની દલિત નવલકથા 'સંકટ' વિશે કલ્પેશભાઈ પટેલનું વક્તવ્ય અને જાણીતા નાટ્યકાર હર્ષદભાઈ પરમારને શોકજલી તા. ૨૪ નવેમ્બર રવિવારે ડો. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે સાંજે ૫.૦૦ કલાકે યોજાશે. સાહિલ પરમાર દલિત સાહિત્ય વિમર્શ મંચે જણાવેલ છે.

ગાંધીનગર જિલ્લા હેન્ડબોલ સ્પર્ધામાં ૧૩૦ ખેલાડીઓ જોડાશે

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે ગાંધીનગર જિલ્લા હેન્ડબોલ એસોસીએશન દ્વારા ખેલ મહાકુંભની શરૂઆતમાં રમતગમતનો માહોલ ઉભો કરવાના આશયથી જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. ઉદ્‌ઘાટન પ્રસંગે સ્પર્ધાના પ્રચારક તરીકે ગુજરાત રાજ્ય યુવક બોર્ડના પૂર્વ ઉપાધ્યક્ષ સંજીવભાઈ મહેતા, મુખ્યમહેમાન તરીકે રમતજગત મેગેઝીનના તંત્રી ભુપેન્દ્રભાઈ ક્ષત્રિય, અતિથિ વિશેષ તરીકે કેવીયા યુથ ડેવલપમેન્ટના ટ્રસ્ટ ગાંધીનગરના ભરતજી ઠાકોર ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કરશે. સેક્ટર-૭ પોલીસ ગ્રાઉન્ડ ખાતે સ્પર્ધા યોજાશે. જેમાં ૧૩૦ ખેલાડીઓ ભાગ લેશે. નીમેષકુમાર પટેલ મંત્રી ગાંધીનગર હેન્ડબોલ એસોસીએશન દ્વારા જણાવવામાં આવેલ છે.

સ્થાનિકોને રોજગારી આપવા સરકાર સક્રિય છે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ધોળકા જી.આઈ.ડી.સી. ખાતે બે ઉદ્યોગ સાહસિકોનું સન્માન

ગાંધીનગર, તા. ૨૩

ધોળકા જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ એસોસીએશન

દ્વારા બે ઉદ્યોગ સાહસિકોનો સન્માન સમારોહ યોજાયો હતો. ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસીએશન, નવી દિલ્હી તરફથી ઉદ્યોગપતિશ્રી રાજીવભાઈ વાસ્તુપાલને લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ તેમજ ઉદ્યોગપતિશ્રી સંદિપભાઈ એન્જીનીયરને અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી વિશેષ ઉદ્યોગ સાહસિકતા એવોર્ડ પ્રદાન થતા તેમનો સન્માન સમારોહ ધોળકા ખાતે યોજાયો હતો.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું કે ઔદ્યોગિક હબ તરીકે વિકસેલા ગુજરાતમાં સ્થાનિકોને રોજગારી આપવા સરકાર સક્રિય છે. આ માટે રાજ્ય સરકાર સ્થાનિકોને કૌશલ્ય કેળવણી આપી શિક્ષણ અને ટેકનીકલ બાબતોથી તૈયાર કરી રહી છે. વાઈબ્રન્ટ ગુજરાતના પગલે છેલ્લા દસકામાં ચાંગોદર, સાણંદ, બગોદરા, ધોલેરા, અને કેરાલા જેવા વિસ્તારો વિકસી રહ્યા છે. રાજ્ય સરકારે કલ્પસર યોજના, સર અને વાયબ્રન્ટ ગુજરાતથી વિકાસનો દોર પકડ્યો છે તેમાં જનભાગીદારીને મહત્વ આપ્યું છે.

સામાજિક જવાબદારીઓ નિભાવવા માટે મંત્રીશ્રીએ ઉદ્યોપતિઓને પોષણક્ષમ આહાર, શિક્ષણ, શૌચાલય સુવિધાઓ અને ઉપેક્ષિતોની સેવામાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી શંકરભાઈ પટેલે, ચાંગોદર, ધોળકા અને છત્રાલ વિસ્તારનો સુવર્ણયુગ પુનઃ લોથલ પોર્ટની જેમ પ્રારંભ થશે.

સન્માનિત ઉદ્યોગપતિ શ્રી રાજીવભાઈ અને સંદિપભાઈએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. સર્વશ્રી પી ધોળકા જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રી એસ્ટેટ એસોસીએશનના પ્રમુખશ્રી દિનેશ ડગા, સચિવશ્રી ડિરણ પટેલ, ધોળકા પ્રાંત અધિકારીશ્રી પારશી, મામલતદારશ્રી, સમાજના અગ્રણી શ્રી મહેન્દ્રભાઈ મંડોરા તેમજ ગુજરાતના અગ્રગણ્ય ઉદ્યોગપતિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આર્ટ ઓફ લિવિંગ દ્વારા શ્રીશ્રી યોગ શિબિર

ગાંધીનગર, તા. ૨૩

આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના ગાંધીનગર ચેપ્ટર દ્વારા તા. ૨૬ થી ૩૦ નવેમ્બર સવારે ૬ થી ૮ કલાક મેઘ મલ્હાર કોમ્પલેક્ષ સે. ૧૧ ખાતે શ્રી શ્રી યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

શિબિર દરમ્યાન સરળ આસનો, પ્રાણાયામ તેમજ ધ્યાન ઘરવાની રીતો જ્ઞાન સાથે શિખવવામાં આવશે. અને આ આસનો કરવાથી મનુષ્યને માનસિક શાંતિ અને શારીરિક સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. તેમજ ચિકનગુનિયા જેવા ભયંકર રોગો સામે રક્ષણ આપે છે.

મેઘ મલ્હાર કોમ્પલેક્ષ સે. ૧૧ ખાતે યોજાનાર આ શિબિરમાં ભાગ લેવા તેમજ રજીસ્ટ્રેશન કરવા માટે બાવકુભાઈ વાળા મો. ૯૯૨૪૮ ૫૦૪૪૬ અને મયૂરીબેન મો. ૯૯૦૯૯ ૮૦૮૪૮ પર સંપર્ક કરવો.

શહેર જાગૃત નાગરિક પરિષદના ધ્રાંગધ્રા પ્રકૃતિ મંડળને અભિનંદન

ગાંધીનગર, તા. ૨૩

પર્યાવરણ અને ઈકોલોજીના રક્ષણ માટે અને ગુજરાતના નાગરિકોને દિલ્હી મુંબઈના ભાવે નેચરલ ગેસનું વિતરણ કરવા જાહેર હિતની હાઈકોર્ટમાં કરાયેલી અરજી સર્વોચ્ચ અદાલતે પણ માન્ય રાખી તે અંગે ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ આપની લોકસેવા ગર્વ અનુભવે છે અને અભિનંદન પાઠવે છે. એડવોકેટ અમીતભાઈ પંચાલને પણ અમારી લાગણી સાથે છે. સુપ્રીમ કોર્ટના આદેશને પણ કેન્દ્ર અમલ કરતાં ૧૫ મહિના જેટલો વિલંબ કર્યો છતાં રીક્ષા એસોસીએશને, સ્વેચ્છિક સંગઠનો ચૂપ રહી સહન કરે તે અકળ છે. પ્રાથમિક અધિકારો સ્વચ્છતા, શિક્ષણ મેળવવા છે. તેનું આપ જાગૃત પ્રહરી તરીકે કામ કરી રહ્યો છે તે બદલ અભિનંદન પાઠવે છે.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પડતર પ્રશ્નોની રજૂઆત શિક્ષણમંત્રી સમક્ષ કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ દ્વારા શિક્ષણ મંત્રી સમક્ષ આચાર્ય સંઘના પડતર પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. આજરોજ યોજાયેલ આચાર્ય સંઘની મીટીંગ રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. જેમાં આચાર્ય સંઘના પ્રમુખ દિનેશ ચૌધરીએ શિક્ષણમંત્રી સમક્ષ, આચાર્યને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવો. વીસ અને એકત્રીસ વર્ષનું પગાર ધોરણ આપવુ, આચાર્યને ૧૫૦૦ ઉચ્ચત્તર એલાઉન્સ આપવું જોઈએ.

મીટીંગમાં અરવિંદ પટેલ અને પંકજ પટેલ દ્વારા પણ માંગણી કરવામાં આવી હતી કે આચાર્યને વર્ગબેનો દરજ્જો આપવો, ગ્રાન્ટનીતિ રદ કરવી, પેટ્રોલ એલાઉન્સમાં વધારો કરવો, આચાર્યને રક્ષણ આપવું જોઈએ. મીટીંગમાં શિક્ષણ સચિવ, એચ.ડી. સેઠલર, ઉપ સચિવ હળપતિ, નિયામક ઈ.પી.દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

રાજસ્થાન રાવત રાજપૂત મહાસભાનો સ્નેહ મિલન સમારોહ અને હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

રાજસ્થાન રાવત રાજપૂત મહાસભા ગાંધીનગરનો સ્નેહમિલન સમારોહ તા. ૨૪ નવેમ્બર રવિવાર બપોરે ૨ કલાક દરમ્યાન પ્રતાપસિંહ હિન્દી વિદ્યાલય સે. ૩૦ ખાતે નંદ કિશોરસિંહ ચૌહાણ એડવોકેટની અધ્યક્ષતામાં યોજવામાં આવશે. રાજસ્થાન રાજપૂત મહાસભા શાખાના હોદ્દેદારોની તાજેતરમાં વરણી કરવામાં આવી હતી. અધ્યક્ષ તરીકે માનસિંહ ચૌહાણ, વરિષ્ઠ ઉપાધ્યક્ષ તરીકે હેમસિંહ ચૌહાણ, ઉપાધ્યક્ષ તરીકે લક્ષ્મણસિંહ પવાર, મહામંત્રી તરીકે એડવોકેટ નરેન્દ્રસિંહ રાજપૂત, ક્રારોબારી સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી.

બાળક માટે એના માતા-પિતા આદર્શરૂપ હોય છે, એમની સાથેના સંવાદમાંથી એ ઘણું શીખે છે, વડીલો સાથે વિવેકપૂર્ણ વ્યવહાર કેવી રીતે કરવો એ બાળક માતા-પિતાના વર્તનમાંથી જ શીખે છે

બાલદેવની આરાધના

- હર્ષદ પ. શાહ

આપણા વેદોમાં માનવને ગૌરવાન્વિત કરતી એક સરસ ઉક્તિ છે- વયમ અમૃતસ્ય પુત્રાઃ । આપણે અમૃતપુત્રો છીએ. ભગવાને આપણને અપાર ક્ષમતાઓના સ્વામી બનાવ્યા છે. જરૂર છે આપણી અંતર્નિહિત ક્ષમતાઓને ઓળખવાની.

બાળક જન્મે ત્યારે વિકાસની અસીમ ક્ષમતાઓ અને સંભાવનાઓ લઈને આવે છે. તે અનન્ય, આનંદસ્વરૂપ અને અનંતનો સ્વામી છે. સૃષ્ટિકર્તા પણ વૈવિધ્યનો આનંદ માણે છે. એને પણ નિત્ય-નૂતનતાની ઝંખના છે. એક માણસ બીજા માણસની કાર્બન કોપી થાય એ ભગવાનને મંજૂર નથી. ઘણા લોકો ફરિયાદ કરે છે. 'અમારો દીકરો અમારા જેવો થતો નથી.' પરંતુ એમની એ ફરિયાદ યોગ્ય નથી. એમનો દીકરો જો એમના જેવો જ થવાનો હોય તો પછી દીકરાની જરૂર જ શી? એમને જ ભગવાન આયુષ્યમાં વધારો (Extension) ન કરી આપે?

પ્રખર ચિંતક શ્રી હરિભાઈ કોઠારી કહે છે, 'માણસે અન્ય કોઈના જેવા થવાના પ્રયત્નો કરવાને બદલે પોતાના જેવા જ થવું જોઈએ. પ્રત્યેકના વિકાસમાં મૌલિકતા હોવી જોઈએ તેમજ પોતાનું કાર્યક્ષેત્ર શોધી કાઢવું જોઈએ. એમાં જ એનો સાચો વિકાસ છે. આવા ભાવને પ્રગટ કરતું એક મુક્તક છે-

લલાટે શોભવા કુંકમ રુડું વરદાન પામ્યું છે,
અને સિંદૂર સેંથીમાં અનોખું સ્થાન પામ્યું છે,
મળ્યો છે સાવ શ્યામલ રાત જેવો રંગ કાજળને,
છતાં કાજળ મનોહર નૈનમાં સન્માન પામ્યું છે.

પોતાની કાળાશ વિશે ફરિયાદ ન કરતાં કાજલ પોતાનું સ્થાન શોધી લે છે અને એ રીતે સૌદર્યની સેવા બજાવે છે.'

ખરેખર તો માતા-પિતા બનવા આતુર હોય એમણે 'બાળક' નામના દેવની આરાધના કરવી જોઈએ, માતા-પિતા બનવાની યોગ્યતા અને કુશળતા કેળવવી જોઈએ અને ઈશ્વરના એક શ્રેષ્ઠ અંશને માતાએ પોતાની કૂખમાં ઝીલી સૃષ્ટિને પલ્લવિત અને ચૈતન્યમયી બનાવવી જોઈએ.

બાળક તો અવનિનું અમૃત છે અને ધરતીનો શણગાર છે... અને માટે માતા-પિતાની ભૂમિકા તો આવી હોવી ઘટે કે -

'બાલકનો પાલક થઈ સાચો,
સૃષ્ટિચાલકને માનું છું,
ઈશ્વરની આંખ ઠરે એવો,
હું માનવ ઘડવા ચાહું છું.'

માનવ ઘડવો એટલે શું? કેવળ જન્મ દઈ દીધો એટલે માનવ ઘડ્યો એમ ન કહેવાય... એને સાચા અર્થમાં જીવન વૈભવ આપવાની જરૂર છે. અને એ ત્યારે જ થાય જ્યારે માતા-પિતા પોતાના દાયિત્વથી સતર્ક હોય. બાળકને જન્મ આપ્યા પછી એને શ્રેષ્ઠ અને સુવિકસિત બનાવવા માટે પાયાની બે વાતો ધ્યાનમાં લેવી જોઈએ.

(૧) બાળકના વિસ્મયનું નિવારણ કરવું....

બાળક જન્મે ત્યારથી એની આંખો ચકળ-વકળ ફર્યા કે છે. એને દુનિયા સમજી લેવી છે. એના શૈશવકાળ દરમિયાન એને અનેક પ્રશ્નો થાય છે... જેના જવાબો આપણી પાસે નથી હતો. એના પ્રશ્નો ખૂબ અઘરા હોય છે. ઘણી વખત એની પરીક્ષામાં આપણે પાસ નથી થતા. પણ એથી માતા-પિતા નિષ્ક્રિય રહે તે પાલવે એવું નથી હોતું. તેથી નિષ્કર્ષરૂપ એક વાત યાદ રાખવી જોઈએ- વિસ્મયનું નિવારણ એ જ સાચું શિક્ષણ.

(૨) બાળક સાથે સંવાદમાં રહેવું...

બાળક ઈચ્છે છે કે એના માતા-પિતા એને સમય આપે, એની સાથે રમે, એને ફરવા લઈ જાય અને એની સાથે વાતો કરે. માતા-પિતાનો મોટા ભાગનો સમય બાળકને ઠપકો આપવામાં, આદર્શવાદની વાતો કરવામાં, હોમવર્ક અંગેની સૂચનાઓ આપવામાં અને એની સાથે તર્ક-વિતર્ક કરવામાં વીતે છે. સંવાદ સર્જાતો જ નથી. સંવાદ માટે સમય અને માનસિકતા બંનેની જરૂર હોય છે. બાળક માટે એના માતા-પિતા આદર્શરૂપ હોય છે. એમની સાથેના સંવાદમાંથી એ ઘણું શીખે છે. વડીલો સાથે વિવેકપૂર્ણ વ્યવહાર કેવી રીતે કરવો એ બાળક માતા-પિતાના વર્તનમાંથી જ શીખે છે. દેશ, ધર્મ, રાષ્ટ્ર તથા સમાજ પ્રત્યેનો એનો અભિગમ માતા-પિતા સાથેના સંવાદમાંથી જ શીખે છે. સો વાતની એક વાત... સમય આપો, સંવાદ કરો.

આ વિષયના અનુસંધાનમાં મેં અનુભવેલી એક ઘટના ટાંકવાનું મન થાય છે.

હું ઈન્ડિયન બેંકની રિજિયોનલ ઓફિસમાં કામ કરતો ત્યારે મારી સાથે નોકરી કરતાં એક બહેન ભાવનાબેનના ઘરે જવાનું થયું. અમને બંનેને સસ્નેહ ભોજન માટે નિમંત્રયા હતા.

એમના નાનકડા પરિવાર સાથે આત્મિયતાનો સેતુ બંધાયો. એમના પતિ અને એમની ૭ વર્ષની દીકરી સાથે પરિચય થયો. અમારું ધ્યાન ગયું કે એમના ઘેર ટી.વી. કે ટેપ એવું કંઈ ન હતું. ૧૯૯૧-૯૨નો ગાળો. એ સમયમાં ટી.વી. માટે વિશેષ આકર્ષણ હતું. મેં એમને સહજ ભાવે પૂછ્યું.

'કેમ તમે ટી.વી. માટે બેંક માંથી લોન લીધી નથી? જવાબમાં એમણે કહ્યું, લોન તો લઈ શકાય તેમ છે પણ લેવી નથી. ટી.વી. તો ઘરમાં લાવવું જ નથી ને!'

'ટી.વી. લાવું તો મારી અને મારી દીકરીની આડે કંઈક આવેને? એ જોવા હું બેસું, અમે બધાં બેસીએ કે મારી દીકરી... છેવટે તો મારી દીકરીથી હું એટલી પળ દૂર ચાલી જાઉં ને? એ મને જરાય ન પોસાય. આ એવો સમય છે કે હું એની પાસે ને એની સાથે વધુમાં વધુ રહું. કોઈ એમાં ભાગ પડાવી જાય એ ન ચાલે. ટી.વી. તો નહીં જ. ટેપ પણ નહીં... બસ અમે એનામાં તન્મય બની જવા માગીએ છીએ. એના સંસ્કાર તરફ અમે પૂરું ધ્યાન આપવા માંગીએ છીએ. એની એકેએક ક્રિયા, ટેવ અને કુટેવ તરફ અમારું ઝીણવટભર્યું ધ્યાન રહે છે. એ તો અમારી જીવનભરની મૂડી છે. અમારા જીવનનું કેન્દ્ર બિંદુ છે... અમારું સર્વસ્વ છે. એના ભોગે કોઈ આનંદપ્રમોદ નહીં!'

ભાવનાબહેનનો આવો લાંબો છતાં અતિ સ્પષ્ટ ઉત્તર મારા અંતરમાં ઝણઝણાટી પેદા કરી ગયો. હું આનંદ અને આશ્ચર્યથી એમના વિચારોને વાગોળતો રહ્યો.

માતા-પિતાની સભાનતા કે સજગતાનો પ્રશ્ન આવે ત્યારે આ બહેન મને અચૂક યાદ આવે. બધાં માતા-પિતા આવાં હોય તો? ભાવી પેઢી કેવી તૈયાર થાય?